# પ્રેસનોટ

તા.૯/૨/૨૦૧૫

ગઈ તા.૮/૨/૨૦૧૫ ના રોજ ઈદગાહ બ્રિજ નીચે જુથ અથડામણનો બનાવ બનવા પામેલ જે સંદર્ભે આસપાસના વિસ્તારમાં અનેક તર્કવિતર્ક પ્રવર્તમાન છે, દૈનિક સમાચાર પત્રો તેમજ ન્યુઝ ચેનલો પર આ સંદર્ભેના વિવિધ સમાચારો પ્રસિદ્ધ થયેલ છે. આ કામે હકીકત એવી છે કે, માધવપુરા પોલીસ સ્ટેશન ની હદમાં ઈદગાહ ચોકીની બાજુમાં અસારવા બ્રિજની નીચે આવેલ પઠાણની ચાલીમાં જુથ અથડામણનો બનાવ બનેલ હતો. જે સંદર્ભે પો.સબ ઈન્સ.શ્રી એસ.બી.નિનામા માધવપુરા પોલીસ સ્ટેશન નાઓ દ્વારા ફરીયાદ આપવામાં આવેલ છે જે અનુસંધાને માધવપુરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૨૪/૧૫ ઈપીકો કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૩૨, ૩૩૭, ૪૩૫, ૪૨૭ તથા ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટ કલમ ૩, ૭ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે અને તાત્કાલીક ધોરણે કુલ ૧૧ આરોપીઓને અટક કરવામાં આવેલ છે. સ્થાનિક રહીશો દ્વારા જુગારની પ્રવૃતિ સંદર્ભેના આક્ષેપ કરવામાં આવેલ છે, આ પ્રકારના આક્ષેપોની ઝડપી, ન્યાયિક તથા ઉંડાણપૂર્વકની તપાસ થાય તે હેતુસર ઈન્કવાયરી નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઈમ બ્રાંચ નાઓને સોંપવામાં આવેલ છે તથા આ ઈન્ક્વાયરી સંપૂર્ણ તટસ્થ રીતે થાય તે હેતુસર (૧) શ્રી એફ.કે.જોગલ પો.ઈ. માધવપુરા પો.સ્ટે., (૨) શ્રી સી.બી.પટેલ ઈન્ચાર્જ પો.ઈ. માધવપુરા પો.સ્ટે. (૩) શ્રી વિક્રમસિંહ હિંમતસિંહ મ.સ.ઈ. ઈન્ચાર્જ સર્વેલન્સ સ્કોડ (૪) શ્રી રવજીભાઈ નગજીભાઈ મ.સ.ઈ. ઈન્ચાર્જ ઈદગાહ પો.ચોકી નાઓને ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવેલ છે. આ ઈન્ક્વાયરીમાં જે કઈ તથ્ય સામે આવશે તે મુજબ જવાબદારો સામે દાખલારૂપ કાયદાકીય તથા વહીવટી પગલાં લેવામાં આવશે.